## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ રોહનને ક્યાં જવું હતું ?**

જ.૧ રોહનને શાળાથી આયોજિત એક પિકનિક પર જવું હતું.

**પ્ર.૨ કિશનભાઈ શેનો આગ્રહ રાખે છે ?**

જ.૨ કિશનભાઈ હમેશા સ્વચ્છતાનો આગ્રહ રાખ છે.

**પ્ર.૩ વનદેવીએ બાળકો અને શિક્ષકને શું ખાવાનું કહ્યું ?**

જ.૩ વનદેવીએ બાળકો અને શિક્ષકને તાજા-મીઠાં ફળો ખાવાનું કહ્યું.

### લિખિત

૧. **પ્ર.૧ બાળકો કોની સાથે અને કેવી રીતે વનમાં ગયાં હતાં ?**

જ.૧ બાળકો પોતાના શિક્ષક વિપુલ સાહેબ સાથે નૈસર્ગિક આનંદ માણતા માણતા વનમાં ગયા હતા.

**પ્ર.૨ વનદેવીએ પોતાની કઈ પરેશાનીઓ જણાવી ?**

જ.૨ વનદેવીએ વનમાં થયેલ ગંદકી તથા પાસેની નદીને પણ લોકો કચરો નાખીને પ્રદુષિત કરે છે એ વાત જણાવી હતી.

**પ્ર.૩ વિપુલ સાહેબે કેવી રીતે વનદેવીને પ્રસન્ન કર્યા ?**

જ.૩ વિપુલ સરના માર્ગદર્શનમા બાળકો સફાઈ અભિયાન ચલાવે છે. વનમાં થયેલી ગંદકીને સાફ કરીને અલગ અલગ સ્થાને સૂચનાના બોર્ડ પણ લગાવે છે. આ રીતે સ્વચ્છ વન જોઈને વનદેવી પ્રસન્ન

થયા.

**પ્ર.૪ રોહને પિકનિક જવા માટે શું વચન આપ્યું ?** ગંદકી કરશે નહીં અને કોઈને કરવા પણ દેશે

જ.૪ રોહન પિકનિક પર સ્વચ્છતાનો આગ્રહ રાખશે અને
નહીં એ વચન આપે છે.

**૨. નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

૧. રોહન **શાળાથી** ઘરે આવ્યો હતો.

૨. **જાનકી શિક્ષિકાએ** શાળામાં પિકનિકની વાત કરી હતી.

૩. વનમાં **વૃક્ષ** ના રડવાનો અવાજ સંભળાય રહયો હતો.

૪. વિપુલ સાહેબ **સફાઈ** અભિયાન વનમાં ચલાવ્યું હતું

૫. કિશનભાઈ અને રોશની બહેનને રોહન પર **ગર્વ**ની લાગણી થાય છે.

**૩. નીચેના કોષ્ટકમાંથી સાચો વિરોધી શબ્દ શોધીને લખો.**

| | | | |
|---|---|---|---|
| બા | ન્યા | ય | ન |
| હ | ઉ | લ | ફો |
| ર | પ | ર | ગં |
| ધી | મું | ડ | દ |
| વ | ક | વું | કી |

અંદર X બાહર
અન્યાય X ન્યાય
હસવું X રડવું
ઝડપી X ધીમું
સ્વચ્છતા X ગંદકી
નુકશાન X નફો

**૩. નીચેની ઉક્તિઓનો અર્થ સમજીને વૃક્ષના નામ ઓળખો .**

૧. સ્વાદે કડવો હું લાગું છું, પણ ગુણકારી બહુ છું,
બધા રોગોને હું દૂર કરું, બોલો હું કોણ છું ? = કારેલાં

૨. ફળોનો હું રાજા, વર્ષભર મારી રાહ જોવાય,
કાચાં ફળનો પનો આપે ગરમીમાં ટાઢક
ઓળખો હું કોણ ? = કેરી

૩. મંગલ કાર્યમાં મારા પાંદડાના તોરણ બંધાય,
શુભ કાર્યમાં મારી હાજરી થાય કહો હું કોણ ? = આસોપાલવ

૪. વડોદરા શહેરમાં મારું રાજ, ઠેર ઠેર મારાં વૃક્ષો દેખાય,
મારા નામથી પડ્યું શહેરનું નામ બોલો હું કોણ ? = વડ

૫. દરેક મંદિરે મારું સ્થાન, પ્રદક્ષિણા મારી થાય,
મારી અંદર ૩૩ કોટી દેવતાઓનો વાસ ગણાય,
ઓક્સિજનનો હું મોટો આધાર ઓળખો હું કોણ ? = પીપળો

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ પુપુમણિ કોણ છે ?**

જ.૧ પુપુમણિ રવિન્દ્રનાથ ઠાકુરની પૌત્રી છે.

**પ્ર.૨ દાદાજી સવારે ઉઠીને શા માટે પાછા સૂઈ ગયા ?**

જ.૨ દાદાજી જ્યારે ઉઠ્યા ત્યારે બહાર ઘણું અંધારું હતું. આકાશ તારાઓથી ઘેરાયેલું હતું. તેથી તેઓ ફરીથી સૂઈ ગયા.

**પ્ર.૩ દાદાજીએ પોતાની પૌત્રીને પત્ર લખતાં પહેલાં કોને પત્ર લખ્યો ?**

જ.૩ દાદાજીએ પોતાની પૌત્રીને પત્ર લખતાં પહેલા મહાત્મા ગાંધીજીને પત્ર લખ્યો.

**પ્ર.૪ દાદાજી માટે નાસ્તામાં શું આવ્યું ?**

જ.૪ દાદાજી માટે નાસ્તામાં કોફી, ડબલરોટી, માખણ, બે જાતના પનીર, મલાઈ વગરનું દહી અને બાફેલા બે ઈંડા અને સાથે-સાથે દ્રાક્ષ, સફરજન અને નાસપતી પણ આવ્યાં.

**લિખિત**

૧. **પ્ર.૧ પત્ર લખવાનું શરૂ કર્યું ત્યારે પ્રાકૃતિક વાતાવરણ કેવું હતું ?**

જ.૧ પત્ર લખવાનું શરૂ કર્યું ત્યારે આકાશમાં વાદળા છવાયેલાં હતાં, ખૂબ ઠંડી પડી રહી હતી અને હવાને લીધે વૃક્ષોની ડાળીઓ ઝૂલી રહી હતી.

**પ્ર.૨ દાદાજી શાંતિનિકેતનમાં પોતાનો સમય કઈ રીતે વિતાવવા ઈચ્છે છે ?**

જ.૨ દાદાજી શાંતિનિકેતનમાં પોતાનો સમય ચિત્રકારી કરીને વિતાવવા ઈચ્છે છે.

**પ્ર.૩ દાદાજી પત્ર લખતાં લખતાં વચ્ચે ઊઠીને ક્યાં ગયા હતા ?**

જ.૩ દાદાજી પત્ર લખતાં લખતાં વચ્ચે ઊઠીને નાસ્તો કરવા ગયા હતા.

**પ્ર.૪ પત્રના આ ફકરો વાંચીને પ્રશ્નોના ઉત્તર લખો.**

**નાસ્તા પછી ...................... ઈતિ.**

૧. લેખક શું કરવા બેઠા હતા ?

જ.૧ લેખક પત્ર લખવા બેઠા હતા.

૨. તે વખતે વાતાવરણ કેવું હતું ?

જ.૨ તે વખતે વાદળો બહુ ઘેરાયેલાં નહોતાં અને તડકો નીકળ્યો હતો.

૩. પાંદડાઓ કેવા લાગી રહ્યાં હતાં ?

જ.૩ પાંદડાંઓ ચમકતાં લાગી રહ્યાં હતાં.

૪. પત્રમાં ચકલીઓ વિશે શું લખ્યું હતું ?

જ.૪ પત્રમાં ચકલીઓ વિશે લખાયું છે કે ન જાણે કેટલી જાતની ચકલીઓ ગાઈ રહી છે. તેમને હું ઓળખી શક્યો નથી.

૫. શું કરવાનો સમય નહોતો રહ્યો ?

જ.૫ પત્ર લખવા સિવાય કંઈ બીજું લખવાનો સમય નહોતો રહ્યો.

૨. **યોગ્ય ઉત્તર સામે ✓ ખરાંની નિશાની કરો.**

૧. **આ પત્ર કોને લખાયો છે ?**

- ☐ અમિયન
- ☐ આરિયામને
- ☐ ગાંધીજીને
- ☑ પુપુમણિને

૨. **રવિન્દ્રનાથ શાંતિનિકેતનથી બીજે ક્યાંય જવા કેમ ઇચ્છતા નહોતા ?**

- ☐ વૃક્ષોને લીધે
- ☐ વનમાળીને લીધે
- ☑ પોતાનો દેશ હોવાને લીધે
- ☐ ચિત્રકામને લીધે

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

૪. વ્યક્તિ જે દેશમાં જન્મ લે છે ત્યાંની સંસ્કૃતિથી તેને લગાવ થઈ જાય છે. જો આપણે વિદેશ જઈશું તો આપણા દેશના લોકોનો અલગ-અલગ પ્રકારનો પહેરવેશ, ભાષાઓ, ખાણીપીણી યાદ આવશે. આપણા દેશના પર્વ-ઉત્સવ, તહેવારોનો પણ હું યાદ કરીશ.

## ભાષાજ્ઞાન

**૧. નીચે દર્શાવાયેલ વાક્યોમાં રેખાંકિત શબ્દનું વચન બદલીને ફરીથી લખો.**

અ) ...વૃક્ષની ડાળખીઓ હવામાં ઝૂલી રહી છે...

બ) ...દાદાજી મુખ સાફ કરીને પત્રો લખવા ગયા....

ક) ...બાગમાં ચકલીઓ ગાઈ રહી છે....

ડ) ...પાંદડાઓ ઝિલમિલ ચમકી રહ્યાં છે....

**૨. દર્શાવાયેલા સંયોજક શબ્દો દ્વારા વાક્યપૂર્તિ કરો.**

અ) મોસ્કોનું જમવાનું સારું નથી ...માટે... ઇચ્છા થાય છે કે શાંતિનિકેતન આવી જાઉં.

બ) દાદાજી પથારીમાંથી ઊઠ્યા ...અને... મુખ સાફ કરીને પત્ર લખવા લાગ્યા.

ક) હું તને પત્ર લખું છું ...પરંતુ... હવે મને ભૂખ લાગી છે.

**૩. વિશેષણ શબ્દોથી બનેલી ભાવવાચક સંજ્ઞાના શબ્દ પર ✓ ખરાંની નિશાની લગાઓ.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાનદાર | (શાન, શાનવાળું) | ...શાન... | લાંબુ | (લાંબી, લંબાઈ) | ...લંબાઈ... |
| ઠંડું | (ઠંડક, ઠંડી) | ...ઠંડક... | સારું | (સુંદર, સારાઈ) | ...સારાઈ... |
| ઊંચું | (ઊંચાઈ, ઉચ્ચ) | ...ઊંચાઈ... | મીઠું | (મિઠાઈ, મિઠાશ) | ...મિઠાસ... |

૪. આપે પત્ર વાંચ્યો હવે જુઓ – અસ્વસ્થ તબિયત હોવાના સમયે મુખ્ય શિક્ષિકાને પ્રાર્થના પત્ર કઈ રીતે